ઇશ્વરના ચૂકાદા કાયમ સર્વથા સાચા અને ન્યાયપૂર્ણ જ હોય છે
- અબ્રાહીમ લિંકન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૪૭ | ૫ ઓગષ્ટ ૨૦૧૨, રવિવાર, શ્રાવણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કેશુભાઇ અને કાશીરામની ભાજપને અલવિદા

## જે સવાર માટે અમે આખી રાત જાગ્યા... જિંદગી અર્પણ કરી દીધી એ પરોઢની કલ્પના આવી તો ન જ હતી : કેશુભાઇ પટેલ





**(વિશેષ પ્રતિનિધિ)**

ગાંધીનગર,તા.૪

ગુજરાત ભાજપમાં એક નવો અધ્યાય લખાયો છે. અત્યાર સુધી પાર્ટીની વફાદારીને વરેલા સિનિયર મોસ્ટ પ્રદેશ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલે આખરે ભાજપને અલવિદા કરી દીધી છે. તેમની સાથે

> **પાર્ટી કરતાં વ્યક્તિ મહાન થાય ત્યારે તેવી પાર્ટીમાં રહેવું યોગ્ય નથી પરિવારની ચિંતા કર્યા વિના આ પાર્ટીને સિંચી છે, દુઃખ થાય છે**

પૂર્વ કેન્દ્રીય કાપડ મંત્રી અને ભાજપના પૂર્વપ્રદેશ પ્રમુખ કાશીરામ રાણાએ પણ ભારતીય જનતા પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે.

આ સાથે કેશુભાઇએ એવી જાહેરાત પણ કરી હતી કે અમે નવી પાર્ટીનું ગઠન કરીએ છીએ. આવતીકાલે ૫મી ઓગષ્ટે તેની વિધિવત જાહેરાત કરી દેવામાં આવશે. અમે અત્યારે નામ નક્કી કરવા બેઠાં છીએ.

પ્રદેશ ભાજપના આ બન્ને નેતાઓએ ભરચક પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે હાલનું ભાજપ વ્યક્તિવાદી બની ગયું હોવાથી

**આજે નવી પાર્ટી બનાવશે**

અમારે ભારે હૈયે આ પાર્ટીને છોડવી પડે છે. અમે એક નવા ભાજપનું

● અનુસંધાન પાન-૫ પર













